# મેઘરાજાની ગાંધીનગરમાં ધમાકેદાર એન્ટ્રી : બે ઈંચ વરસાદ

**મધરાત બાદ ભારે પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ તુટી પડ્યો : ઠેર ઠેર પાણી ભરાયા : અસંખ્ય વૃક્ષો ધરાશાયી : હોર્ડીંગ્સ અને બેનર્સને નુકશાન : ત્રણ કલાકમાં લગભગ બે ઇંચ જેટલો વરસાદ**

ગાંધીનગર, તા. ૨૪

દિવસભર સતત બફારા બાદ રવિવારની મધરાતે તોફાની વરસતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેર અને શહેરની આસપાસ ૫૫ હતા. જોકે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સોમવારનું મહત્તમ તાપમાન ૩૨.૮ ડિ.સે. નોંધાયુ હતુ



પવન સાથે શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. માત્ર સાડા ત્રણ કલાકમાં બે ઈંચ વરસાદ થી વધુ વૃક્ષો ધરાશાયી થયા હતા. શહેરના માર્ગો પરના બેનર્સ-હોર્ડીંગ્સ ભારે પવનથી ફંગોળાયા જ્યારે ભેજનું પ્રમાણ ૯૩ ટકા રહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદને પગલે નગરમાં ભુવા પડ્યા... રંગમંચોમાં પાણી ભરાયા

**ગુરૂકુળ નજીક ભુવામાં ગાય ફસાઈ જતાં પશુપાલકોએ માંડ માંડ બહાર કાઢી**





ગાંધીનગર શહેરમાં મધરાત પછી પવન સાથે પડેલા વરસાદને પગલે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. ખાસ કરીને નવા રિનોવેશન કરાવેલ રંગમંચોમાં પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે અન્ય કર્માચરીઓને પાણીના નિકાલની જવાબદારી સોંપાઈ હતી.

સે. ૨૨માં તો રંગમંચની સામે આવેલ 'ચ' ટાઈપના ખુણા પર એક ભુવો પણ પડી ગયો હતો. આ ઉપરાંત ગુરૂકુળ નજીક એક ગાય ફૂટપાથ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી



શહેરમાં રવિવારની મોડી રાત્રે મીની વાવાઝોડા સાથે ત્રાટકેલા વરસાદે નગરને ઘમરોળી નાંખ્યું હતું. પવનના સુસવાટા વચ્ચે જોરદાર વરસી રહેલા વરસાદને પગલે શહેરમાં ઠેરઠેર વૃક્ષો ધરાશાઈ થઈ જવાના બનાવ બન્યા છે. શહેરમાં અંદાજીત ૫૦ થી પણ વધુ વૃક્ષો ધરાશાઈ થયા છે. વરસાદને પગલે જમીન પોચી બની થઈ જતા કેટલાક સ્થળો પર ભુવા પડવાના કિસ્સા પણ નોંધાયા છે. જયારે વૃક્ષ પડતા કેટલાક સ્થળો પર આવન જાવન માટે તકલીફ પડી હતી તો બીજી તરફ વાહનો પણ કેટલાક સ્થળો પર જમીનમાં ખુપી ગયા હતા. શહેરના સેકટર-૩. ૪, ૭, ૨૯, ૨૮ અને ચ, ઘ સહિતના મુખ્ય માર્ગો પર વૃક્ષ પડી ગયા હતા. તો ઘ-૭ પાસે મોટો ભુવો પડતા નાગરીકો પણ અચંબામાં પડી ગયા હતા.

## મનપાની પ્રથમ પેટા ચૂંટણી પણ મેયર વોર્ડમાં જ આવી...

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના પૂર્વ મેયર પ્રવિણ પટેલના રાજીનામાથી ખાલી પડેલી બેઠક પર મનપાની રચનાકાળથી આજ સુધીમાં પ્રથમવાર પેટા-ચૂંટણી યોજાઈ રહી છે.

વોર્ડ નં. ૩ એ મેયરના વોર્ડ તરીકે શહેરમાં જાણીતો બનેલો છે. પ્રથમ બે મેયર મહેન્દ્રસિંહ રાણા અને હંસાબેન મોદી પણ વોર્ડ નં. ૩ માંથી જીત્યા હતા. આ પછી સામાન્ય ચૂંટણીમાં નવા સીમાંકન મુજબ યોજાયેલ ચૂંટણીમાં પણ મેયર પ્રવિણ પટેલ વોર્ડ નં. ૩ માંથી વિજયી થયા હતા અને વર્તમાન મેયર રીટાબેન પટેલ પણ વોર્ડ નં. ૩ માંથી જ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

આ વોર્ડ વી.આઈ.પી. વોર્ડ ગણાતો હોઈ આ પેટા ચૂંટણી પર સૌની નજર મંડાયેલી છે. જોકે પેટા-ચૂંટણીના મુદ્દે રાજકીય પક્ષોમાં પણ હિલચાલ શરૂ થયો છે. જોકે ઉમેદવારોની પસંદગી અંગે હજુ કોઈ રણનીતિ બન્ને પક્ષોએ જાહેર કરી નથી. શહેરમાં ભાજપ અને કોંગ્રેસ બંને એકબીજાને પરાજિત કરવા તત્પર હોવાથી આ પેટા ચૂંટણીમાં રસપ્રદ મુકાબલો થશે.

# વોર્ડ નં. ૩ ની પેટા-ચૂંટણી ૨૧ જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાની ખાલી પડેલી એક બેઠકની પેટા ચૂંટણી યોજવા અંગેના કાર્યક્રમની આજે રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરી છે. આ સાથે નગરમાં આદર્શ આચારસંહિતાનો અમલ પણ આજથી શરૂ થઈ ગયો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર અને સભ્યપદેથી પ્રવિણ પટેલે ૧૪મી ફેબ્રુઆરીએ રાજીનામુ આપી દેતાં વોર્ડ નં. ૩ની સામાન્ય બેઠક ખાલી થવા પામી હતી. છ માસમાં ચૂંટણી યોજવાના સુધારેલા પેટા-કાયદાને લઈ આજે રાજ્ય ચૂંટણીપંચે જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી સાથે આ પેટા-ચૂંટણી યોજવાની પણ જાહેરાત કરી છે.

**ચૂંટણીપંચે વિધિવત્ ઘોષણા કરી : આજ સાંજથી આચારસંહિતાનો શહેરમાં અમલ શરૂ : ૧લી જુલાઈથી ૬ જુલાઈ દરમ્યાન ઉમેદવારી પત્ર ભરવાના રહેશે : ૮મીએ ચકાસણી**

પ્રવિણ પટેલ આ વોર્ડમાં પૂર્વ મેયર અને ભાજપના મહેન્દ્રસિંહ રાણાને પરાજય આપી વિજયી થયા હતા. જોકે તેમણે મેયરપદ મળતાં કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો અને ભાજપમાં પુનઃ પ્રવેશ કર્યો હતો. લાંબા કાનૂની વિવાદનો ચુકાદો આવે તે પહેલાં તેમણે હોદ્દો અને સભ્યપદ બન્ને છોડ્યુ હતુ જે નોંધનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

## પેટા ચૂંટણીમાં ૧૮,૪૮૪ મતદારો અને ૨૪ મતદાન મથકો આવેલા છે

વૉર્ડ નં.૩ની પેટા ચૂંટણીમાં ૧૮,૪૮૪ મતદારો નોંધાયેલા છે। જેમાં ૯,૫૮૭ પુરુષ મતદારો અને ૮૯૩૭ સ્ત્રી મતદારો છે. આ પેટા ચૂંટણી માટે ૨૪ મતદાન મથકો નિયત કરાયેલા છે. જ્યારે ૩૦ ઈવીએમ ઉપયોગ માટે સુરક્ષિત કરવામાં આવેલા છે. પેટા ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત અધિકારી ગાંધીનગર રહેશે અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે મામલતદાર ગાંધીનગર ફરજ બજાવશે. આ પેટા ચૂંટણીમાં ૧૩૦ પોલીંસ સ્ટાફના કર્મયોગીઓ રહેશે. જ્યારે ૪૮ પોલીસ કર્મચારીઓ મતદાન મથકે ફરજ બજાવશે. ગાંધીનગર શહેરમાં મનપાની રચના પછી પ્રથમવાર પેટાચૂંટણી યોજાઈ રહી હોવાથી રાજકીય ઉત્તેજના આખા શહેરમાં છવાયેલી જોવા મળી રહી છે. હાલ મનપામાં ભાજપ ૧ બેઠકની બહુમતિ ધરાવે છે.

# રાજ્યસભા માટે વિદેશમંત્રી જયશંકર અને જુગલજી ઠાકોર ભાજપના ઉમેદવાર

અમદાવાદ,તા.૨૪

કેન્દ્રિય વિદેશ મંત્રી એસ જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભાની ચૂંટણી લડશે. આજે રાજયસભાની બે સીટ માટે પોતાના બે ઉમેદવારના નામ આજે સત્તાવાર રીતે જાહેર કરી દીધા હતા. આની સાથે જ છેલ્લા કેટલાક





દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ પાંચ ઉમેદવારના નામ સુચવ્યા છે. આ પાંચ ઉમેદવાર પૈકી બેની પસંદગી કરવામાં આવશે. ઉત્તર ગુજરાતના બક્ષીપંચ સમાજના આગેવાન જુગલજી ઠાકોરને ઉમેદવાર તરીકે ઉતારવામાં આવ્યા બાદ જયશંકર અને જુગલજી ઠાકોર આવતીકાલે ઉમેદવારી પત્ર ભરશે. કોંગ્રેસ હાઈ કમાન્ડ ઉપર નિર્ણય છોડી દીધો છે. મળેલી માહિતી મુજબ કોંગ્રેસ તરફથી રાજ્ય સભાની ચૂંટણી લડવા કોઈ પણ તૈયાર નથી. ગુજરાતમાંથી અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની રાજ્યસભાની સીટો ખાલી પડતા પાંચમી જુલાઈના દિવસે ચૂંટણી યોજવાની ચૂંટણી પંચે જાહેરાત કરી છે.

ચૂંટણી પંચે ખુબ મહત્વપૂર્ણ જાહેરાત કર્યા બાદ આની ચર્ચા ચાલી રહી હતી. ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોની પસંદગી મામલે પણ મેદાનમાં મારવામાં સફળતા મેળવી છે. અગાઉ આજે એસ જયશંકર વિધિવતરીતે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. વિદેશ સચિવ તરીકે જયશંકરે ઉલ્લેખનીય ભૂમિકા અદા કરી હતી. આજે ભારતીય જનતા પાર્ટીના કારોબારી અધ્યક્ષ જેપી નડ્ડાની ઉપસ્થિતિમાં જયશંકર ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા.

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના નેતા કૈલાશ વિજયવર્ગીય, પાર્ટીના મહાસચિવ ભૂપેન્દ્ર યાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા. જયશંકર ભારતના પૂર્વ વિદેશ સચિવ તરીકે કામ કરી ચુક્યા છે. જાન્યુઆરી-૨૦૧૫થી જાન્યુઆરી-૨૦૧૮ સુધીના ગાળામાં તેઓ આ હોદ્દા પર રહ્યા હતા. ૭૩ દિવસ સુધી ચાલેલા ડોકલામ વિવાદવેળા જયશંકરની મોટી ભૂમિકા રહી હતી. આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે ઉમેદવારી પત્ર ભરવામાં આવશે. પ્રદિપસિંહ જાડેજાએ પત્રકાર સાથે વાતચીત કરતા મોડેથી જણાવ્યુ હતું કે, ઉમેદવારી પત્ર ભરતીવેળા બંન્નેની સાથે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાશે.

તેમના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના કોંગ્રેસના પૂર્વ નેતા મથુરજી ઠાકોરના પુત્ર જુગલજી ઠાકોરને મેદાનમાં ઉતારવાનો ભાજપે નિર્ણય કર્યો છે. આ રીતે ભારતીય જનતા પાર્ટીએ

**બંન્ને ઉમેદવાર આજે પોતાના ઉમેદવારી પત્ર ભરશે : બંન્ને ઉમેદાવાર નામોની સત્તાવાર જાહેરાત : કોંગ્રેસ પાર્ટી હજુ પણ દુવિધામાં : પાંચ નામો હાઈકમાન્ડ સોંપી દેવાયા**

## મનરેગા અંતર્ગત સુજલામ સુફલામ અંતર્ગત બનાવાયેલ તળાવોના કિનારે વૃક્ષારોપણ કરશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં સુજલામ-સુફલામ યોજના તળે ઊંડા કરાયેલા તળાવો અને અન્ય તળાવોની આસપાસ જળસંગ્રહ અને ભૂમિ ભેજ સંરક્ષણ અંતર્ગત સઘન વૃક્ષારોપણ કરવામાં આવશે.

જિલ્લામાં આ માટે ૨૭ હજારથી વધુ વૃક્ષોનું મનરેગા અંતર્ગત વાવેતર કરવામાં આવશે અને વાવેતરની પુરતી જાળવણી, રક્ષણ મળી રહે તે માટે નરેગાની જોગવાઈઓ મુજબ ત્રણથી પાંચ વર્ષનું આયોજન કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ વિસ્તારોમાં વાંસના રાયજોમ, લીમડા, બાવળ, બોરડી, ખાખરા તેમજ અન્ય જાતના વૃક્ષોનું વાવેતર કરવાનું રહેશે. જિલ્લા કક્ષાએ આ માટે બે થી ત્રણ બેઠકો પણ થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર મનરેગાની જોગવાઈઓમાં નેચરલ રિસોર્સ મેનેજમેન્ટના કામો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ અંગે ખાસ વિડીયો કોન્ફરન્સ કરી અને તંત્રને માર્ગદર્શન પણ પુરૂ પાડેલ છે.

સામાજિક વનીકરણ યોજના અંતર્ગત આ વૃક્ષોનું વાવેતર કરવાનું રહેશે. જિલ્લામાં સામાજિક વનીકરણ અંતર્ગત વનતંત્રએ ૧૯ લાખ જેટલા રોપાઓ તૈયાર જુદી જુદી નર્સરીઓમાં કર્યા છે જે ઉલ્લેખનીય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર
વાર્ષિક સામાન્ય સભા
કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧/૭/૨૦૧૯ને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે ઉમા સમાજ ભવન હોલ, ગાંધીનગર ખાતે મળનાર છે. જેમાં સમાજના તમામ સભ્યશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને દાતાશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.
ભરતભાઈ બી. પટેલ — પ્રમુખ
ભોળાભાઈ આઈ. પટેલ — મહામંત્રી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT ®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com